# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-09-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) આગામી પેઢીના વસ્તુ અને સેવા કર - GST સુધારા આજથી લાગુ થયા
2) આદ્યશક્તિની આરાધનાનાં પર્વ નવરાત્રિનો આજથી પ્રારંભ
3) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, સહકારી ક્ષેત્રમાં ત્રણ વર્ષમાં 60 પહેલ શરૂ કરાઇ.
4) રાજ્યના અધિકારી-કર્મચારીઓ માટે “ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના”નો આજે ગાંધીનગર ખાતેથી પ્રારંભ
5) દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી
6) પાટણની મુસ્કાન પ્રજાપતિએ રાજ્યકક્ષાની લોન ટેનિસ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GST REFORMS

કેન્દ્ર સરકારે કરેલા આગામી પેઢીના વસ્તુ અને સેવા કર- GST સુધારા આજથી લાગુ થઈ ગયા છે. આ નવા સુધારા મધ્યમ વર્ગના પરિવારો માટે ઘણા ફાયદા થશે. નવા સુધારા અંતર્ગત પરાઠા , ખાખરા, પનીર, પીઝાબ્રેડ જેવા ખાદ્ય પદાર્થની વસ્તુઓ પર વેરા મુક્તિ આપવામાં આવી છે. ઘી હોય, માખણ હોય, દૂધ હોય કે આઈસ્ક્રીમ હોય, તમામના ભાવ ઘટ્યા છે. જેને નાગરિકો આવકારી રહ્યા છે.

(બાઇટ : ગ્રાહક )

. . . .

# NAVRATRI

આસ્થા અને ઉત્સાહ સાથે રાજ્યભરમાં આદ્યશક્તિની આરાધનાનાં પાવન પર્વ નવરાત્રિનો આજથી પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના GMDC મેદાનમાં વાઇબ્રન્ટ ગુજરાત નવરાત્રિ ઉત્સવનો પ્રારંભ કરાવશે.

આજથી સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી , બહુચરાજી, ચોટીલા સહિતના સહિતના ધાર્મિક સ્થળો પર ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. આજથી નવ દિવસ સુધી રાજ્યની શેરીઓ અને પાર્ટી પ્લોટમાં ખેલૈયાઓ રમઝટ બોલાવશે. દરમિયાન શક્તિપીઠ પાવાગઢમાં પણ ભક્તિભાવપૂર્ણ માહોલમાં આજથી નવલા નોરતાનો પ્રારંભ થયો છે.

સાંભળીએ એક અહેવાલ.

(વોઇસ કાસ્ટ – વિપુલ પુરોહિત)

ઘટસ્થાપન સહિતના ધાર્મિક અનુષ્ઠાનો સાથે આજે રાજ્યના તમામ માતાનાં મંદિરોમાં નવરાત્રિ પર્વનો પ્રારંભ થયો.

. . . .

# VIKAS SAHAY – NAVRATRI

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે નવરાત્રી પર્વ નિમિતે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા બેઠક યોજી. આ બેઠકમાં નવરાત્રી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટેની પોલીસની તૈયારીઓ અને વ્યવસ્થાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

શ્રી સહાયે જણાવ્યુ હતું કે , રાજ્યમાં તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વધારાની ૧૬ એસઆરપી કંપનીઓ અને બે સ્ટેટ એક્શન ફોર્સની ટુકડીઓ ફાળવવામાં આવી છે. તેમજ મહિલા પોલીસની "શી' ટીમ પણ તૈનાત રહેશે.

(બાઇટ --વિકાસ સહાય)

. . . .

# AMIT SHAH – SURAT

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું , દરેક સહકારી સંસ્થા જિલ્લા અને રાજ્ય બેન્ક પાસેથી જ લોન લે તેવી વ્યવસ્થા બનાસકાંઠા અને પંચમહાલમાં શરૂ કરવામાં આવી. રાજકોટ જિલ્લા સરકારી બૅન્ક સહિત જિલ્લાકક્ષાની સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં શ્રી શાહે આ મુજબ જણાવ્યુ. તેમણે ઉમેર્યું કે સહકારી ક્ષેત્રમાં ત્રણ વર્ષમાં 60 પહેલ શરૂ કરવામાં આવી.

(બાઇટ : અમિત શાહ - કેન્દ્રીય સહકાર મંત્રી)

અગાઉ શ્રી શાહ સવારે સુરતમાં વરાછા ખાતે આંતરરાષ્ટ્રીય કૃષ્ણ ભાવનામૃત સંઘ- ઇસ્કૉન મંદિરના ભૂમિપૂજન સમારોહમાં ઉપસ્થિત રહ્યા.

શ્રી શાહ આજે રાત્રે અમદાવાદમાં સેટેલાઈટ વિસ્તારની ક્લાઉડ નાઇન સોસાયટી, સરખેજની વ્રજધામ એૅપાર્ટમેન્ટ અને શેલા રોડ પર આવેલા ઑર્ચિડ લેગસી ખાતે નવરાત્રિ ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

........

# RUSHIKESH 108 SERVICE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , 108 ઈમરજન્સી મેડીકલ સેવા દ્વારા પ્રતિદિન સરેરાશ 4 હજાર 300થી 4 હજાર 500 જેટલા દર્દીઓને કટોકટીના સમયે હોસ્પિટલ સુધી પહોચાડવાની નિઃશુલ્ક સેવા અપાય છે. 108 નંબર પર આવેલા 99 ટકા ફોન કોલને પ્રથમ બે રીંગમાં જ પ્રતિસાદ આપવામાં આવ્યો છે. શ્રી પટેલે ઉમેર્યું કે અત્યાર સુધીમાં રાજ્યના એક કરોડ 77 લાખથી વધુ નાગરિકોને કટોકટીના સમયમાં સેવા આપવામાં આવી છે.

(બાઇટ : ઋષિકેશ પટેલ – આરોગ્ય મંત્રી)

નાગરિકોની આરોગ્ય સેવામાં વધારો કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગર ખાતે 94 નવી 108 એમ્બ્યુલન્સને પ્રસ્થાન કરાવ્યું હતું.

. .

# PM FILM REVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત ફિલ્મ “ચલો જીતે હૈ” રાજ્યભરના સિનેમાગૃહમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે. શ્રી મોદીના જીવનની બાળપણની ઘટનાઓથી પ્રેરિત આ ફિલ્મની દર્શકો પ્રશંસા કરી રહ્યા છે. ખેડા જિલ્લાના દર્શકે આ ફિલ્મ અંગે પ્રતિભાવ આપ્યો.

(બાઇટ : દર્શક)

. . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આજે ભરૂચ , નર્મદા, સુરત , તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. તો માછીમારો માટે કોઈ ચેતવણી જાહેર કરવામાં નથી આવી.

દરમિયાન રાજ્યમાં ફરી વરસાદનું જોર ઘટતાં બપોરે 12 વાગ્યા સુધીમાં માત્ર છ તાલુકામાં વરસાદના અહેવાલ છે. સૌથી વધુ એક ઇંચ જેટલો વરસાદ વલસાડના વાપી તાલુકામાં નોંધાયો છે.

બીજી તરફ , ભાવનગર શહેરમાં આજે વહેલી સવારે બે કલાકમાં બે ઇંચ જેટલો વરસાદ થતાં નવરાત્રિના ખેલૈયાઓમાં ચિંતા જોવા મળી રહી છે. તો બોરતળાવ આજે છલકાતા ભાવેણાવાસીઓમાં આનંદની લાગણી જોવા મળી છે.

દરમ્યાન નવસારીના જલાલપોર , ચીખલી અને ખેરગામમાં હળવા વરસાદી ઝાપટા પડયા હતા.

. . . .

# LAWN TENNIS --PATAN

પાટણની મુસ્કાન પ્રજાપતિએ  રાજ્યકક્ષાએ યોજાયેલ  અંડર – 17 લોન ટેનિસ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે .

અમદાવાદના નિકોલ ખાતે તાજેતરમાં રમાયેલ રાજ્ય કક્ષાની અંડર 17 લોન ટેનિસ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએથી પ્રથમ પાટણની મુસ્કાન પ્રજાપતિએ ટીમ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. આ ઉપરાંત, મુસ્કાને વ્યક્તિગત રમતમાં કુલ 64 સ્પર્ધકો પૈકી ટોપ 8 માં સ્થાન મેળવી રાષ્ટ્રીય કક્ષાએ કેમ્પમાં પસંદગી પામી રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

. . .

# SWACCHTA HI SEVA

રાજ્યમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા. કેન્દ્રશાસિત પ્રદેશ દીવની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો.જેમાં શાળાના વિદ્યાર્થીઓ તથા એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ માનવ શ્રૃંખલા દ્વારા “CLEAN DIU” નો સંદેશ પાઠવ્યો હતો.

નવસારી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ઘરે ઘરે જઈને સૂકો કચરો અને ભીના કચરાના વર્ગીકરણ માટે ઝુંબેશ હાથ ધરાઇ, તેમજ ગામના જાહેર સ્થળો પર સાફ સફાઈ કરવામાં આવી.

તાપી તેમજ ડાંગ જિલ્લામાં આવેલ વિવિધ તાલુકા પંચાયત તેમજ ગ્રામ પંચાયતો, આંગણવાડીઓ, શાળાઓ તથા જાહેર સ્થળોએ સાફ-સફાઈ કરવામાં આવી હતી.

. .

# RUSHIKESH HEALTH SCHEME

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અધિકારી-કર્મચારીઓ અને તેમના પરિવારની સ્વાસ્થ્ય સુખાકારી માટે "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના"નો આજે ગાંધીનગર ખાતેથી પ્રારંભ કરાવ્યો.

રાજ્યના 6 લાખ 42 હજાર જેટલા અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને આ યોજના હેઠળ 10 લાખ રૂપિયાની કેશલેસ સારવારનો લાભ મળશે. આ યોજના માટે રાજ્ય સરકારને વાર્ષિક 303 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થશે.

. . . .